# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

| પીજીવીસીએલ/સીજીઆરએફ/૧/ક્વા-03/૨૦૨૧-૨૨/ ૧૩૭-૧ | તારીખ : ૦૫ - ૦૧ - ૨૦૨૨ |
|---|---|

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
કડવાભાઇ પ્રાગજીભાઈ વઘાસીયા
રામદર્શન સોસાયટી,
મું. પો. : જસદણ, તા. : જસદણ, જી. : રાજકોટ ,
પીન કોડ. : ૩૬૦૦૫૦
મોબાઈલ : ૯૯૦૯૦૬૫૨૫૯

**વિષય :** ખેતીવાડી વીજજોડાણો રદ કરાવવા બાબત .

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત તા. ૦૮-૧૦-૨૦૨૧.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧/ક્વા-03/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જસદણ.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જસદણ.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧/ક્વા-૩/૨૧-૨૨/ 137-1 તા. 05-01-2022

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG -૧/ક્વા-૩/૨૧-૨૨**

અરજદાર : કડવાભાઇ પ્રાગજીભાઈ વઘાસીયા ગામ: જસદણ

પેટા વિભાગીય કચેરી : જસદણ

રજૂઆત કરનાર : અરજદાર કડવાભાઇ પ્રાગજીભાઈ વઘાસીયા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – જસદણ

રજૂઆત કરનાર : શ્રી એસ.જી.દત્તાણી કાર્યપાલક ઈજનેર પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – જસદણ અને તેમની સાથે નાયબ અધિક્ષક (રેવ.) એસ.એ.ગામીત પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – જસદણ

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી.મકવાણા

૨) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૨૮-૧૨-૨૧ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૮-૧૨-૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓ જસદણ ગામના રેવન્યુ સર્વે નં. ૪૫૧ થી જમીન ધરાવે છે. સદર જમીન પર અરજદાર સુવાંગ માલિકી અને કબ્જા ભોગવટા હક્કધરાવે છે. સદર જમીનમાં એક કુવો પણ છે જે પણ સુવાંગ માલિકીનો છે.

૨.૧ સદર જમીન અને કુવાના સુવાંગ હક્ક અરજદારે શ્રી ગંગદાસભાઈ બેચરભાઈ વઘાસીયા પાસેથી ખરીદ કરેલ છે. વધુમાં સદર જમીનની બાજુમાં રેવન્યુ સર્વે નં.૪૫૦ પૈકીની હરજીભાઈ અરજણભાઈ લીંબાસીયાની જમીન

આવેલ છે. જેનો ભોગવટો અને કબ્જા હક્ક હાલ તેમના પુત્ર ધીરુભાઈ હરજીભાઈ લીંબાસીયા ધરાવે છે તેમજ અમોના ના રેવન્યુ સર્વે નં. ૪૫૧ ની જમીનથી અંદાજે ૮૦૦ ફૂટ દુર રેવન્યુ સર્વે નં.૪૫૦ પૈકીની અન્ય એક ખાતેદાર માધાભાઈ બેચરભાઈ વઘાસિયાની જમીન આવેલ છે. જે તેઓ દ્વારા નીતિનભાઈ સવજીભાઈ ભૂવાને વેચાણ આપેલ જેથી સદર જમીનનો ભોગવટો અને કબ્જા હક્ક હાલ નીતિનભાઈ સવજીભાઈ ભુવા ધરાવે છે.

૨.૨ અરજદાર વધુમાં જણાવે છે કે રેવન્યુ સર્વે નં. ૪૫૦ પૈકીના જેતે સમયના બંને જુના ખાતેદારો દ્વારા રેવન્યુ સર્વે નં.૪૫૦ પૈકીની જમીનમાં પી.જી.વી.સી.એલ. નું વીજજોડાણો મેળવવા માટે અરજી કરેલ. સદર અરજીના અનુસંધાને જયારે પી.જી.વી.સી.એલ.ના અધિકારીઓ દ્વારા સર્વે કરવામાં આવેલ ત્યારે સદર બન્ને અરજદારો દ્વારા રેવન્યુ સર્વે નં. ૪૫૧ ની જમીનનો કબ્જા હક્ક દર્શાવીને પી.જી.વી.સી.એલ.ના જે તે સમયના અધિકારીઓ સાથે મિલાપીપણું કરીને અરજદારની જમીનના ઉતરોતર આસમીઓને અંધારામાં રાખીને અરજદાર સાથે ગેરરીતી આચરીને રેવન્યુ સર્વે નં. ૪૫૧ ની જમીનમાં આવેલ અરજદારના સુવાંગ કબ્જા હક્ક વાળા એકજ કુવા પર અનુક્રમે (૧) ગ્રાહક નં. ૩૪૯૦૧/૧૫૧૪૬/૦ થી હરજીભાઈભાઈ અરજણભાઈ લીંબાસીયા તથા (૨) ગ્રાહક નં. ૩૪૯૦૧/૧૫૧૪૫/૨ થી માધાભાઈ બેચરભાઈ વઘાસિયાના નામ જોગ બે અલગ-અલગ વીજજોડાણો પી.જી.વી.સી.એલ. દ્વારા ગેરકાયદેસર રીતે ફાળવી દીધેલ છે.

૨.૩ સદર બન્ને વીજજોડાણો ખોટી રીતે ફાળવેલ હોય બન્ને વીજજોડાણો રદ થવાને પાત્ર છે. જેથી અરજદાર દ્વારા સદર બન્ને વીજજોડાણો રદ કરવા બાબતે પી.જી.વી.સી.એલ. ની સંલગ્ન કચેરી ખાતે સક્ષમ અધિકારી સમક્ષ અવાર નવાર મૌખિક તેમજ લેખિત રજુઆતો/ અરજીઓ કરવા છતાં પી.જી.વી.સી.એલ. કચેરીના અધિકારીઓ દ્વારા વીજજોડાણો રદ કરવાની કાર્યવાહી કરવાના બદલે અરજદાર પાસે બિનજરૂરી કાગળોની માંગણી કરી સદર વીજજોડાણો રદ કરવાની કામગીરી ડીલે કરે છે. જેથી અરજદાર દ્વારા તેના ભોગવટાની જમીનમાં રહેલ કુવો મજમુ ન હોય રેવન્યુ સર્વે નં.૪૫૧ પર જેતે સમયે ખોટી રીતે આપાયેલ બન્ને વીજજોડાણો રદ કરાવી આપવા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે અરજદાર શ્રી કડવાભાઇ પ્રાગજીભાઈ વઘાસીયા જેઓનું સરનામું રામદર્શન સોસાયટી, ગામ:જસદણ, તા.જસદણ અને જી.રાજકોટ પીન-૩૬૦૦૫૦, મો.૯૯૦૯૦૬૫૨૫૯ છે.

૩.૧ શ્રી કડવાભાઇ પ્રાગજીભાઈ વઘાસીયા દ્વારા હરજીભાઈ અરજણભાઇ લિંબાસિયાનું ખેતીવાડી વીજજોડાણ નંબર ૩૪૯૦૧/૧૫૧૪૬/૦ અને માધાભાઈ બેચરભાઈ વઘાસિયાનું (હાલમાં નિતેશભાઇ સવશીભાઈ ભુવાનું) ખેતીવાડી વીજજોડાણ નંબર ૩૪૯૦૧/૧૫૧૪૫/૨ રદ કરવા માટે તારીખ ૦૮.૧૦.૨૦૨૧ ના રોજ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં રજુઆત કરેલ છે. જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

૩.૨ પી.જી.વી.સી.એલ.ની સંલગ્ન ઓફિસ રેકોર્ડની ચકાસણી કરતા – (૧) જસદણ પેટા વિભાગીય કચેરી હેઠળ આવતું ગામ જસદણમાં રે.સર્વે નંબર ૪૫૦ ની જમીન પર તારીખ ૨૩.૦૮.૧૯૮૦ ના રોજ શ્રી હરજીભાઈ અરજણભાઇ લિંબાસિયાને ખેતીવાડી વીજજોડાણ નંબર ૩૪૯૦૧/૧૫૧૪૬/૦ આપવામાં આવેલ છે.

(૨) જસદણ પેટા વિભાગીય કચેરી હેઠળ આવતું ગામ જસદણમાં રે.સર્વે નંબર ૪૫૦ ની જમીન પર તારીખ ૧૦.૦૧.૧૯૮૩ ના રોજ શ્રી માધાભાઈ બેચરભાઈ વઘાસિયા હાલમાં (શ્રી નિતેશભાઇ સવશીભાઈ ભુવા) ને ખેતીવાડી વીજ જોડાણનંબર ૩૪૯૦૧/૧૫૧૪૫/૨ આપવામાં આવેલ છે.

(૩) જસદણ પેટા વિભાગીય કચેરી હેઠળ આવતું ગામ જસદણમાં રે.સર્વે નંબર ૪૫૦ પૈકી ૩ ની જમીન પર તારીખ ૧૨.૦૧.૧૯૯૩ ના રોજ શ્રી કડવાભાઇ પ્રાગજીભાઈ વઘાસીયાને ખેતીવાડી વીજજોડાણ નંબર

૩૪૯૦૧/૧૫૩૩૩/૧ આપવામાં આવેલ છે. સદર વીજજોડાણ તા.૦૩.૦૮.૨૦૧૭ ના રોજ શ્રી કડવાભાઇ પ્રાગજીભાઈ વઘાસીયા દ્વારા ખેતીવાડી વીજજોડાણ નંબર ૩૪૯૦૧/૧૫૩૩૩/૧ નું જસદણ ગામે રે.સર્વે નંબર ૪૫૦ પૈકી ૩ માંથી જસદણ ગામે રે.સર્વે નંબર ૪૫૧ ની જમીન પર સ્થળ ફેરફારની અરજી કરેલ જે અરજી અન્વયે જસદણ વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર જેડીઓ/ટેક-૨/શિફ્ટિંગ/૯૭૫૮, તા.૨૩.૧૦.૨૦૧૭ ના રોજ જસદણ ગામે રે.સર્વે નંબર ૪૫૦ પૈકી ૩ માંથી રે.સર્વે નંબર ૪૫૧ ની જમીન પર સ્થળ ફેરફારની મંજુરી આપવામાં આવેલ છે.

૩.૩ ઓફિસ રેકોર્ડ મુજબ શ્રી હરજીભાઈ અરજણભાઇ લિંબાસિયાને ખેતીવાડી વીજજોડાણ નંબર ૩૪૯૦૧/૧૫૧૪૬/૦, શ્રી માઘાભાઈ બેચરભાઈ વઘાસિયા હાલમાં (શ્રીનિતેશભાઇ સવશીભાઈ ભુવા) ને ખેતીવાડી વીજજોડાણ નંબર ૩૪૯૦૧/૧૫૧૪૬/૦ અને શ્રી કડવાભાઇ પ્રાગજીભાઈ વઘાસીયાને ખેતીવાડી વીજજોડાણ નંબર ૩૪૯૦૧/૧૫૩૩૩/૧ ગામ જસદણમાં ખેતીવાડીની જમીનમાં આવેલ એકજ કુવા ઉપર ચાલુ માલુમ પડેલ છે. જે અંગેનું નાયબ ઇજનેર જસદણ પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૦૩.૦૯.૨૦૨૧ નું સ્થળ રોજકામ કરેલ છે.

શ્રી કડવાભાઇ પ્રાગજીભાઈ વઘાસીયા દ્વારા ખેતીવાડી વીજજોડાણ નંબર ૩૪૯૦૧/૧૫૩૩૩/૧ નું તેઓએ વીજજોડાણનું ખેતીવાડી રે.સર્વે નંબર ૪૫૧ ની જમીન પરના કુવા પર સ્થળ ફેરફાર કરાવેલ છે. આ સ્થળ ફેરફાર તા.૦૩.૦૮.૨૦૧૭ ના રોજની અરજી અન્વયે જસદણ ગામે રે.સર્વે નંબર ૪૫૦ પૈકી ૩ માંથી જસદણ ગામે રે.સર્વે નંબર ૪૫૧ ની જમીન પર સ્થળ ફેરફારની મંજૂરી જસદણ વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર જેડીઓ/ટેક-૨/શિફ્ટિંગ/૯૭૫૮, તા.૨૩.૧૦.૨૦૧૭ થી આપવામાં આવેલ છે.

૩.૪ શ્રી કડવાભાઇ પ્રાગજીભાઈ વઘાસીયાના રે.સર્વે નંબર ૪૫૦ પૈકી ૩ ની ગામ નમૂનો નંબર ૬ હક્કપત્રક નોંધ નંબર ૧૨૬૫૫ મુજબ તેઓને રે.સર્વે નંબર ૪૫૦ ના કૂવામાં પિયત કરવાનો હક્ક ધરાવે છે. પીજીવીસીએલના અધિકારીઓ કૂવો કયા રે.સર્વે નંબરમાં આવેલ છે તે જણાવી શકે નહીં. આ ઉપરાંત શ્રી કડવાભાઇ પ્રાગજીભાઈ વઘાસીયાના રે.સર્વે નંબર ૪૫૧ ની ગામ નમૂનો નંબર ૬ હક્કપત્રક નોંધ નંબર ૨૨૦૬૫ મુજબ અન્ય ખેડૂતો સાથે પણ સંઘર્ષ ચાલે છે આથી આગળના વીજજોડાણો જે કૂવા ઉપર ચાલુ છે તે કૂવો કયા રે.સર્વે નંબરમાં આવેલ છે. તે પીજીવીસીએલ જણાવી શકે નહીં આ માટે સંબંધિત રેવન્યુ અધિકારીશ્રી નો દસ્તાવેજી પુરાવો મેળવવો જરૂરી છે. આથી જસદણ પેટા વિભાગીય કચેરી દ્વારા શ્રી કડવાભાઇ પ્રાગજીભાઈ વઘાસીયા, શ્રી હરજીભાઈ અરજણભાઇ લિંબાસિયા અને શ્રી નિતેશભાઇ સવશીભાઈ ભુવાને જણાવેલ છે કે તેઓ જે વિવાદિત કુવા બાબતમાં રજૂઆત કરે છે તે કૂવો કયા રે.સર્વે નંબરમાં આવેલ છે તે બાબતમાં સંબંધિત રેવન્યુ સાહેબશ્રીનો અથવા DILR નો રિપોર્ટ રજૂ કરવા જણાવેલ છે સદર રિપોર્ટ રજૂ થયેથી આગળની નિયમાનુસાર કાર્યવાહી કરી શકાય.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

:: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ ફરિયાદી અરજદારશ્રી કડવાભાઇ પ્રાગજીભાઈ વઘાસીયા દ્વારા તેઓની સુવાંગ માલિકીના સર્વે નંબર ૪૫૧ માં આવેલ સુવાંગ કુવામાં શ્રી હરજીભાઈ અરજણભાઇ લિંબાસિયાનું ખેતીવાડી વીજજોડાણ નંબર ૩૪૯૦૧/૧૫૧૪૬/૦ અને માઘાભાઈ બેચરભાઈ વઘાસિયાનું (હાલમાં નિતેશભાઇ સવશીભાઈ ભુવાનું) ખેતીવાડી વીજજોડાણ નંબર ૩૪૯૦૧/૧૫૧૪૫/૨ રદ કરવા માટે તારીખ ૦૮.૧૦.૨૦૨૧ ના રોજ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં રજુઆત કરેલ છે.

૪.૨ પી.જી.વી.સી.એલ.ની સંલગ્ન ઓફિસ રેકોર્ડની ચકાસણી કરતા – (૧) જસદણ પેટા વિભાગીય કચેરી હેઠળ આવતું ગામ જસદણમાં રે.સર્વે નંબર ૪૫૦ ની જમીન પર તારીખ ૨૩.૦૮.૧૯૮૦ ના રોજ શ્રી હરજીભાઈ અરજણભાઇ લિંબાસિયાને ખેતીવાડી વીજજોડાણ નંબર ૩૪૯૦૧/૧૫૧૪૬/૦ આપવામાં આવેલ છે. અરજદાર દ્વારા રજુ કરેલ ગામના નમુના નં – ૬ હક્કપત્રકમાં કરાયેલ નોંધ નં – ૧૩૮૮૦ તા.૨૧-૦૧-૨૦૧૦ મુજબ જસદણ ગામના ખાતેદાર ખેડૂત ગંગદાસભાઈ બેચરભાઈ વઘાસીયાએ પોતાની ખેતીના સીમ સર્વે નંબર ૪૫૧ હેક્ટર-૦-૫૦-૫૯ વાળી જમીન તા.૦૨-૦૧-૨૦૧૦ થી રજીસ્ટર દસ્તાવેજ નં – ૧૬ થી શ્રી કડવાભાઇ પ્રાગજીભાઈ વઘાસીયાને વેચાણ કરેલ તે મુજબની પ્રમાણિત નકલ રજુ કરતા, ખરીદનાર ના નામે નામ બદલીની નોંધ લીધેલ છે વધુમાં સદર હક્કપત્રકમાં કરાયેલ નોંધ મુજબ શ્રી ધનજીભાઈ નારણભાઈ છાયાણી વિગેરેએ વાંધો લેતા તે કચેરીના કેઈસ નં – ૦૧ / ૨૦૧૦ ના તા.૨૨-૦૪-૨૦૧૦ ના હુકમ મુજબ – ૨૬ - નામદાર જસદણ કોર્ટના રે.દી.મુ.નં. ૧/૧૦ ના કામે જે નિર્ણય આવે તે તમામને બંધન કર્તા રહેશે. જે અંતર્ગત નોંધ નં – ૨૨૦૬૫ તા:૧૮-૦૨-૨૦૧૫ મુજબ તા.૦૫-૧૨-૨૦૧૪ ના રોજ થયેલ હુકમ મુજબ કાયદાથી પ્રસ્થાપિત પ્રક્રિયા અનુસર્યા સિવાય જસદણ ગામના સર્વે નંબર : ૪૫૧ – એ – ૧- ૧૦ ગુ. થી નોંધાયેલ દાવાવાળી જમીન શ્રી કડવાભાઇ પ્રાગજીભાઈ વઘાસીયાના કબ્જા ભોગવટામાં અંતરાય પ્રતિવાદીઓએ (ધનજીભાઈ નારણભાઈ છાયાણી વીગેરે) કરવો નહિ તેઓ કાયમી મનાઈ હુકમ પ્રતિવાદીઓની વિરુદ્ધમાં આવતા નોંધ કરેલ છે. ત્યારબાદ નોંધ નં – ૨૨૩૭૮ તા.૧૦-૦૫-૨૦૧૫ મુજબ સર્વે નંબર : ૪૫૧ ની હે. – ૦-૫૦-૫૯ વાળી જમીન વેચાણે લેનાર શ્રી કડવાભાઇ પ્રાગજીભાઈના ના ખાતામાં ફેરફાર નોંધ પ્રમાણિત કરવા હુકમ કરવામાં આવે છે. શ્રી કડવાભાઇ પ્રાગજીભાઈના ૮-અ ના ખાતા નં -૩૯૮ થી સર્વે નંબર ૪૫૦ પેઈકી ૦૩ હે. – ૧-૭૮-૦૬ જમીન ધારણ કરતા હોવા અંગે ૮-અ રજુ કરેલ છે.

૪.૩ ફરિયાદી અરજદાર દ્વારા સર્વે નંબર : ૪૫૧ પેઈકી ની જમીનમાં આવેલ કુવા ઉપર શ્રી હરજીભાઈ અરજણભાઈ લીંબાસીયા ગ્રાહક નં - ૩૪૯૦૧/૧૫૧૪૬/૦ અને શ્રી નિતેશભાઇ સવશીભાઈ ભુવા ખેતીવાડી વીજજોડાણ નંબર ૩૪૯૦૧/૧૫૧૪૫/૨ એ પી.જી.વી.સી.એલ.ને ગેરમાર્ગે દોરીને લીધેલ છે તે રદ કરવાની ફરિયાદ પી.જી.વી.સી.એલ.ની સબંધક કચેરીએ તા.૧૫-૦૭-૨૦૨૧ થી આપેલ જે અન્વયે પી.જી.વી.સી.એલ. દ્વારા તા.૦૬-૦૯-૨૦૨૧ થી અરજદારને આપેલ પ્રત્યુત્તર મુજબ સદર બન્ને ખેતીવાડી વીજજોડાણો તા.૧૨-૦૮-૧૯૮૦ અને તા.૧૩-૧૨-૧૯૮૨ થી અનુક્રમે રીલીઝ થયેલ છે. આમ, સદર બન્ને વીજજોડાણ આશરે ૪૦ વર્ષ થી ચાલુ છે તેમજ જે કુવા ઉપર સદર બન્ને વીજજોડાણો છે તે અરજદારના સુવાંગ કુવા ઉપર છે તેવા સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત આધાર-પુરાવા દિવસ -૦૭ માં રજુ કરવા અરજદારને જાણ કરેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

૪.૪ સદર અરજદાર કડવાભાઇ પ્રાગજીભાઈ વઘાસીયાના નામે સર્વે નંબર : ૪૫૦ પેઈકી ૦૩ ની જમીન પર તા.૧૨-૦૧-૧૯૯૩ ના રોજ ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં – ૩૪૯૦૧-૧૫૩૩૩-૧ થી અપાયેલ છે. જે વીજજોડાણ સદર અરજદાર દ્વારા રે. સર્વે નંબર ૪૫૦ પૈકી ૩ માંથી જસદણ ગામના સર્વે નંબર ૪૫૧ ની જમીન પર સ્થળ ફેરફારની અરજી કરેલ છે. જે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૨૩-૧૦-૨૦૧૭ ના રોજ મંજુર કરેલ છે.

૪.૫ વધુમાં, ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં – ૩૪૯૦૧-૧૫૪૪૮-૬ સમજુબેન પ્રાગજીભાઈ વઘાસીયા નામે જે તે વખતે લીધેલ હતું ત્યારે ફરિયાદી અરજદારશ્રી કડવાભાઇ પ્રાગજીભાઈ વઘાસીયા દ્વારા રૂ.૨૦/- ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પપેપર તા.૧૧-૧૨-૧૯૯૫ પર આપેલ કબુલાત બાહેધરીપત્ર મુજબ જસદણ ગામે સર્વે નંબર : ૪૫૦ માં કુવો આવેલ છે તેમાં ઇલેક્ટ્રિક મોટરનું જોડાણ સમજુબેન પ્રાગજીભાઈ વઘાસીયા તેના નામનું લેતો કોઈપણ જાતનો વાંધો નથી તથા ભવિષ્યમાં કોઇપણ જાતનો વાંધો લઈશ નહિ તે મુજબની

લેખિત બાહેધરી EXECUTIVE MAGISTRATE, JASDAN ની હાજરીમાં આપેલ છે તેની નકલ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

૪.૬ ફરિયાદી અરજદાર દ્વારા તા.૨૪-૦૨-૨૦૧૪ ના રોજ સમજુબેન પ્રાગજીભાઈ વઘાસીયાના નામનું ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં - ૩૪૯૦૧/૧૫૪૪૮/૬ સર્વે નંબર : ૪૫૦પૈકી૩ પોતાના નામે કરવા અરજી કરેલ જે અંતર્ગત પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૦૬-૦૩-૨૦૧૪ ના રોજ મંજુર કરેલ છે.

૪.૭ ઉપરોક્ત બાબતનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે સર્વે નંબર : ૪૫૦ માં નીચે મુજબના ખેતીવાડી વીજજોડાણો પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા આપવામાં આવેલ છે.

| ગ્રાહકનું નામ | ગ્રાહક નંબર | ટેરીફ | ગામ | સર્વે નંબર | રીલીઝ તારીખ |
|---|---|---|---|---|---|
| કડવાભાઇ પ્રાગજીભાઈ વઘાસીયા | ૩૪૯૦૧/૧૫૩૩૩/૧ | A2 | જસદણ | ૪૫૦ પૈકી ૩ (હાલ ૪૫૧) | ૧૨-૦૧-૧૯૯૩ (Shifting dt.23.10.2017) |
| હરજીભાઈભાઈ અરજણભાઈ લીંબાસીયા | ૩૪૯૦૧/૧૫૧૪૬/૦ | A2 | જસદણ | ૪૫૦ | ૨૩-૦૮-૧૯૮૦ |
| માધાભાઈ બેચરભાઈ વઘાસિયા (હાલમાં શ્રી નિતેશભાઇ સવશીભાઈ ભુવા) | ૩૪૯૦૧/૧૫૧૪૫/૨ | A1 | જસદણ | ૪૫૦ | ૧૦-૦૧-૧૯૮૩ |
| સમજુબેન પ્રાગજીભાઈ વઘાસીયા (હાલમાં કડવાભાઇ પ્રાગજીભાઈ વઘાસીયા) | ૩૪૯૦૧/૧૫૪૪૮/૬ | A1 | જસદણ | ૪૫૦ પૈકી ૩ | ૨૬-૦૨-૧૯૯૭ (NT dt. 06.03.2014) |

૪.૮ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૭ મુજબની વિગતે સ્પષ્ટ થાય છે કે સમજુબેન પ્રાગજીભાઈ વાઘસીયાનું ખેતીવાડી વીજજોડાણ મેળવતી વખતે ફરિયાદી અરજદાર દ્વારા તા.૧૧.૧૨.૧૯૯૫ ના રોજ બાહેધરી આપેલ છે તેમજ જે-તે સમયે સર્વે નં. ૪૫૦ માં ઉપરોક્ત ટેબલ મુજબ ખેતીવાડી વીજજોડાણો નિયમ મુજબ આપવામાં આવેલ છે.

પી.જી.વી.સી.એલ. દ્વારા જસદણ ગામના સર્વે નં. ૪૫૦ માં શ્રી હરજીભાઈ અરજણભાઇ લિંબાસિયાનું ખેતીવાડી વીજજોડાણ નંબર ૩૪૯૦૧/૧૫૧૪૬/૦ અને માધાભાઈ બેચરભાઈ વઘાસિયાનું (હાલમાં નિતેશભાઇ સવશીભાઈ ભુવાનું) ખેતીવાડી વીજજોડાણ નંબર ૩૪૯૦૧/૧૫૧૪૫/૨ નિયમાનુસાર અપાયેલ છે. સદર વીજજોડાણો ૪૦ વર્ષ થી વધુ સમયથી મજમુ ભાગે આવેલ હોય કુવા ઉપર ચાલુ છે. તેમજ જે-તે સમયે સદર વીજજોડાણ અન્ય સર્વેમાં આપવામાં આવેલ છે તે અંગેના વાંધાઓ કે રજૂઆત મળેલ હોય તે અંગેના કોઈ આધાર પુરાવા કોઈપણ પક્ષકારો દ્વારા ફોરમ સમક્ષ રજુ કરાયેલ નથી.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખતા પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તેઓની સુવાંગ માલિકીના સર્વે નંબર ૪૫૧ માં આવેલ સુવાંગ કુવામાં અન્ય વીજ જોડાણો પી.જી.વી.સી.એલ. દ્વારા અપાયેલ છે તે અંગેના તાજેતરમાં સક્ષમ અધિકારી દ્વારા માંગેલ પ્રમાણિત આધાર પુરાવાઓ રજુ કરવામાં અરજદાર નિષ્ફળ ગયેલ છે. આ સંજોગોમાં અરજદારની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

૪.૯ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૮ અને મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૧૦ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

Joshi. Nitinbhai.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot